પંચાજીરીને પંજરી પણ કહેવામાં આવે છે. વૈષ્ણવમતનાં ધાર્મિક પર્વોમાં વિતરણ કરવામાં આવતો આ વિલક્ષણ પ્રસાદ છે, જેમાં સૂંઠ, ખસખસ, અજમો, કોપરું અને જીરાના ચૂરામાં સાકર-ચૂર્ણ ભેળવીને જન્માષ્ટમી જેવા ઉત્સવોમાં ઇષ્ટને ધરાવવામાં આવતું આ નૈવેદ્ય, 'પારણાનોમ'નો ખાસ પ્રસાદ ગણાય છે. આયુર્વેદિક દૃષ્ટિકોણથી ઉત્તમ દીપન-પાચન તથા વાતાનુલોમન કરનારાં આ ઔષધો છે. આ પ્રસાદ, આયુર્વેદની રીતે અસરકારક તેમ જ પ્રસાદની દૃષ્ટિએ સ્વાદ, સોડમ અને આસ્થાની ત્રિવેણી સમાન છે.

**– ઊજમભાઈ પટેલ**

# નિવેદન

શેષશાયી ભગવાન વિષ્ણુનાં બે અવતારી સ્વરૂપ પ્રભુ શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણની આપણે ઉપાસના કરીએ છીએ. પ્રભુ શ્રીરામના 'પુરુષોત્તમત્વ'ને આપણે મર્યાદા પુરુષોત્તમ રૂપે તેમ જ ભગવાન શ્રીકૃષ્ણના પુરુષોત્તમત્વને પૂર્ણ પુરુષોત્તમ રૂપે ઉપાસીએ છીએ. આ તો 'પરમતત્ત્વ'નું અવતારી સ્વરૂપ! અને એમાંય જો 'મર્યાદા'નો આવો મહિમા હોય, તો આપણે તો (ભલા) સાધારણ મનુષ્ય! આવા ભવ્ય પરિપ્રેક્ષ્યમાં આપણે વિચારીએ, તો માનવીની તે વળી શી વિસાત?! આટલી ટૂંકી ભૂમિકાએ પાયાની સમજણનું સામાન્ય તારણ એવું કે સઘળા માનવસમુદાયમાં કોઈ પણ મનુષ્ય 'સ્વયં સંપૂર્ણ' નથી! અને તેથી જ પરાપૂર્વથી 'માણસ' રૂપે આપણા સૌની સમજણ કેળવાઈ છે કે આ જગતમાં કોઈ પણ માણસ 'સર્વગુણ સંપન્ન' ના હોઈ શકે! પછી, ભલે એ વર્તમાન હોય કે સુદીર્ઘ અતીત! વસ્તુતઃ મનુષ્ય, વત્તે-ઓછે અંશે વ્યાપક સ્તરે નાનાવિધ 'ક્ષમતાઓ અને ન્યૂનતાઓ'નો સમુચ્ચય છે, જેમાં પ્રમાણભેદ, અને એ ઉપરાંત ક્ષમતાઓની સાથે ન્યૂનતાઓ અને એનાથી વિપરીત ન્યૂનતાઓની સાથે ક્ષમતાઓ પણ હોય! અને આ બધી મર્યાદાઓ અને વિશેષતાઓ સાથે જ માનવી જીવનયાપન કરતો આવ્યો છે યુગોથી!

સ્વાભાવિક છે કે માણસના નિત્યપ્રતિના જીવનવ્યવહારમાં વિલક્ષણતા-ક્ષમતા કહેતાં 'સદ્‌ગુણ-સદ્‌વૃત્તિ'નો મહિમા હોય. અને એની ગેરહાજરી અર્થાત્ અભાવનો મહિમા તો ના જ હોય! સરવાળે, આ ગુણ-અવગુણ કે સદ્-અસદ્‌ની સ્થિતિ વ્યાપક સ્તરે સમાજજીવનમાં બહુવિધ રીતે અત્યંત 'સાધારણ'થી માંડી 'અસાધારણ' જીવનયાપનનાં કેટલાંક નોખાં-નિરાળાં ચરિત્રોની વિશિષ્ટ છબિનાં આલેખનનું સંકલન છે.

'પંચાજીરી (પંજરી)' નામે ચરિત્રલેખોનું આ સંકલન, સમાજ-સમુદાયનાં વિવિધ ક્ષેત્રોનાં કંઈક અંશે વિશેષ જાણીતાં, ઓછાં જાણીતાં કે પછી સાવ નહીં જાણીતાં એવાં (પણ) ચરિત્રોનું શબ્દાંકન છે. જેમનામાં ઓછે-વત્તે 'કંઈક મામૂલિયત'નુંય હીર જણાયું છે એવાં! અત્રે પ્રાથમિક સ્તરે સમાજજીવનની ભોંએ સાવ સાધારણ કે અસાધારણ, જે સમજીએ એવા સ્તરનાં એકવીસ

ચરિત્રોનું વિધાયક નોખાપણું કહેતાં એની 'સારપ'સમાં જીવનમૂલ્યોને પોતાની રોજ-બરોજની સાધારણ જીવનચર્યામાં સાવ સહજપણે, એને નિર્દંભ જીવી જાણનાર નોખા-નિરાળા જણ-ગણનું શબ્દાંકન છે આ સંકલનમાં!

નિત્યપ્રતિના જીવનાચારમાં સાધારણમાંય અતિસાધારણ હોય તેવાં, અને બરાબર એ જ રીતે આનાથી વિપરીત જનસમુદાય-જાહેર જીવનનાં મોભાદાર સન્માનનીય અને અસાધારણ ગણાતાં એવાં, આ સૌ એવાં વિલક્ષણ જીવનવિચાર અર્થાત્ માનવમૂલ્યોને આંતર-બાહ્ય સ્તરે સહજ અને સમરૂપ જીવી જાણનાર એવાં વિલક્ષણ ચરિત્રોની અસાધારણ 'જીવંતતા'ને લખનારે પોતાની સાદી અને સાધારણ સમજણે જ્યાં-જ્યાં અને જે સ્થિતિમાં નિહાળી છે, એને યથોચિત આલેખીને સમાજ-સમુદાય સન્મુખે ઉજાગર કરવાનું મન બનાવેલું, જેની ગ્રંથરૂપ નીપજ છે આ 'પંચાજીરી'! વળી, આ અનુષંગે રૂડું ઉમેરણ એવું કે આ 'પંચાજીરી'નો 'ભગવદ્-પ્રસાદી'રૂપે શાબ્દિક મહિમા પણ અનેરો છે.

નિષ્કર્ષ એવો કે સઘળે માનવસ્વભાવમાં સારા-નરસાના ધોરણે સ્વાભાવિક ફરક જોવા મળે છે. અને એ પણ એટલી હદે કે 'એક લોહીના અંશ' એવા બે સગા ભાઈઓમાં પણ વાણી-વિચાર, વ્યવહાર આદિ વિષયક જીવનમૂલ્યોમાં અંતર જોવા મળે છે. જે 'ગુણ-અવગુણ'ના ધોરણે સઘળે દૃષ્ટિગોચર થાય છે. આપણે સૌ સાધારણ સ્તરે સારી પેઠે જાણીએ-સમજીએ છીએ કે સમાજમાં કેટલાક માણસો ઘણું કરીને જીવનમૂલ્યોને આચરણમાં વણી લેવા સાથે જીવનયાપન કરતા હોય, તો એનાથી વિપરીત કેટલાંક જીવનમૂલ્યોને સહેજ પણ ગણકારતા ના હોય! અને તેમ છતાં, એવા એ, જેવા છે તેવા પણ માણસ તો કહેવાય જ છે! અને એનામાં પણ ક્યારેક, ભલે એની ભાગ્યે જ નોંધ લેવાતી હોય, એવા સદ્ગુણનું હોવું, જે એની વિલક્ષણતા બની રહે છે, કેમ કે એક દારૂડિયો પણ સારો માણસ હોઈ શકે છે, એ પરગજુ અને ભલો હોઈ શકે છે, જો એની આ 'બૂરી લત'ને સમય વરતે અવગણવામાં આવે તો! અને આ સાથે સમાજજીવનમાં કથિત મોભાદાર માણસ જીવનમૂલ્યોના આચરણની બાબતે 'સાવ સાધારણ'ની કોટિમાં પણ સ્થાન ના પામી શકે એવું પણ ખરું! આ બાબતે એક ઉચિત અને પ્રચલિત ઉદાહરણ દૃષ્ટવ્ય છે. એક જમાનાનો ભારાડી બહારવટિયો, નામે જોગીદાસ ખુમાણ. (અને બરાબર એના જેવા

બીજા પણ કેટલાક – સોરઠી બહારવટિયા, લે. ઝવેરચંદ મેઘાણી) કહેવાતો હતો બહારવટિયો. પણ, તેમ છતાં એનું 'બહારવટું' પણ વિરલ માનવમૂલ્યો થકી ઉજમાળું હતું! બસ, આ પ્રકારનાં 'ચારિત્રિક ધોરણ'ની ભૂમિકાએ 'પંચાજીરી'ના સંકલનમાં વિધ-વિધ જીવનસ્તરનાં ચરિત્રો આલેખાયાં છે, જે સૌએ પોતાના જીવનાચારમાં વત્તે-ઓછે કંઈક વિલક્ષણ અને અસાધારણ જીવી જાણ્યું છે. સરવાળે, નિષ્કર્ષ એવો કે આ જગતમાં કોઈ પણ માણસ ક્યારેય શતશઃ (પૂરેપૂરો) સારો કે ખરાબ હોતો નથી.

ઉપરાંત સંકલનના શીર્ષકની બાબતે... વિવિધ દ્રવ્યોના મિશ્રણ-વિનિયોગ થકી એવમ્ 'ભાવ'ની ભૂમિકાએ 'પંચાજીરી', 'પંચામૃત'ની હરોળમાં ઊભે છે. બસ, એ જ રીતે 'પંચાજીરી'ના આ સંકલનમાં, માનવસમુદાયમાં સાધારણ સ્તરે પણ જિવાતી 'સારપ'ના વૈવિધ્યનું આલેખન છે. શ્રીહરિ!

આ સંકલનને માટે વિદ્વાન સમીક્ષક, ગ્રંથ અવલોકનકાર અને ચીવટધર્મી સંપાદક તેમ જ સર્વવિશ્વ વિદ્યાલય, ગાંધીનગરના પ્રકાશન અધિકારી એવમ્ મારા આદરણીય મિત્ર ડૉ. મણિભાઈ પ્રજાપતિએ સ્નેહપૂર્વક પ્રસ્તાવના લખી આપીને મારા 'લેખિનીકર્મ'ને આવકાર્યું છે. આ અંગે એમની પ્રત્યે કૃતજ્ઞભાવે પ્રસન્નતા વ્યક્ત કરું છું.

**– ઊજમભાઈ પટેલ**

# અનુક્રમ


1. સર્વપ્રિય ભોળાભાઈ. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 1
2. પરહિત સરિસ ધરમ નહિંભાઈ... આચાર્ય ન. શિ. યાજ્ઞિક . . . . . . . . 8
3. શિક્ષણની ગરવાઈ : સૂર્યકાન્ત પરીખસાહેબ . . . . . . . . . . . . . . . . 21
4. વિરલ વિદ્યાપુરુષ ઈ. મ. દવેસાહેબ . . . . . . . . . . . . . . . . . . . . 33
5. સદેહે શાલીનતા : પરાગજીભા માસ્તર . . . . . . . . . . . . . . . . . . . 41
6. સમર્પિત કર્મશીલઃ લાલજીભા સરપંચ. . . . . . . . . . . . . . . . . . . 49
7. મૂલ્યોના માણસઃ પ્રો. ન. ઉ. રાજગુરુ. . . . . . . . . . . . . . . . . . . 58
8. અધિકારી નામે ન. બે. પટેલ (ગાંભવા) . . . . . . . . . . . . . . . . . 67
9. વહીવટી કુનેહના સાક્ષાત્ વિગ્રહ : કુલપતિ ઈશ્વરભાઈ પટેલ . . . . . . 75
10. સવાઈ પાલણપુરીઃ વિશ્વનાથ હાથી . . . . . . . . . . . . . . . . . . . . 88
11. ગરવા લોકપુરુષ ગલબાભાઈ . . . . . . . . . . . . . . . . . . . . . . . 104
12. કુનેહના કસબી બેચરભા માસ્તર . . . . . . . . . . . . . . . . . . . . . 120
13. વિદ્યાપીઠના વિરલ સ્નાતકઃ રામજીભાઈ વહોરા . . . . . . . . . . . . . 129
14. વિલક્ષણ વેપારી ઉત્તમભા વોંણિયા . . . . . . . . . . . . . . . . . . . . 140
15. ખંતીલો ઝેવિયરાઇટ ખેડુઃ અંબાલાલભાઈ પટેલ . . . . . . . . . . . . . 148
16. પરમ સેવાવ્રતીઃ ડૉ. રણછોડલાલ ત્રિવેદી . . . . . . . . . . . . . . . . 159
17. શિક્ષણનું ખમીરઃ જામતાજીસાહેબ. . . . . . . . . . . . . . . . . . . . . 169
18. વિરલ કર્મયોગી : ડી. એન. મોગાજી . . . . . . . . . . . . . . . . . . . 177
19. ખમીર, નામે કાન્તિભાઈ (ફોસી) . . . . . . . . . . . . . . . . . . . . . . 187
20. માનવસેવાના ભેખધારી : ઘેમરકાકા . . . . . . . . . . . . . . . . . . . 196
21. ઑલિયો જીવઃ જિતુમિયાં ચુવૉણ . . . . . . . . . . . . . . . . . . . . . 208